# ગાંધીનગરના ૧૪૨ પરિવારોના મળમૂત્ર હટાવકાર્ય પશુઓની પીઠે!

સેન્સસ રિપોર્ટ ૨૦૧૧ અનુસાર ગુજરાતમાં કુલ ૨૫૬૬ પરિવારો એવા છે કે જેમના સર્વિસ શૌચાલય માંથી મળમૂત્ર હટાવવાનું કાર્ય માનવી દ્વારા હાથ ધરાય છે. ગ્રામીણ ગુજરાતમાં આવા ૧૪૦૮ ગ્રામીણ પરિવારો અને શહેરી ગુજરાતમાં આવા ૧૧૫૮ પરિવારો છે- એમ ભારતની જનગણના ૨૦૧૧, ગુજરાત શ્રુંખલા ૨૫માં દર્શાવવામાં આવ્યું છે.આ ઉપરાંત ગુજરાતના ૪૮૯૦ પરિવારો એવા પણ છે કે જેમના સંડાસના મળમૂત્રને હટાવવા માટે પશુઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ૨૫૯૩ ગ્રામીણ પરિવારો છે જ્યારે શહેરી ગુજરાતમાં આવા ૨૨૯૭ પરિવારો નોંધાયેલા છે.

ગુજરાત રાજ્યના કુલ પરિવારોની સંખ્યા સામે જે પરિવારોના શૌચાલયના મળ-મૂત્ર મનુષ્ય દ્વારા હટાવવામાં આવે છે એની સંખ્યા ખૂબ જ ઓછી છે પરંતુ જયારે સમગ્ર દેશમાં




**ગુજરાત કરતાં સ્થિતિ સારી પણ મુદ્દો ચિંતાજનક તો ખરોજ!**

સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું હોય ત્યારે માનવી દ્વારા કે પશુઓ દ્વારા મળમૂત્ર સંડાસમાંથી હટાવવાની બાબત ખૂબ જ ચિંતાપ્રેરક છે અલબત્ત ગાંધીનગર ની વાત આપણે કરીએ તો સર્વિસ સૌચાલયના મળમૂત્ર માનવી દ્વારા હટાવવાની પરિસ્થિતિ ગાંધીનગરમાં નથી. એટલે કે ગાંધીનગરમાં એકપણ પરિવારમાં શૌચાલયમાંથી મળમૂત્ર હટાવવાની કામગીરી મનુષ્ય દ્વારા થતી નથી. પરંતુ ૧૪૨ પરિવારો એવા છે કે જેમના સંડાસ માંથી મળમૂત્ર હટાવવાની કામગીરીમાં પશુઓને જોતરવામાં આવે છે!

૨૦૧૯ નું વર્ષ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ-સાર્ધ શતાબ્દી દેશભરમાં ઉજવાઈ રહી છે અને જ્યારે સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું હોય ત્યારે માનવી દ્વારા કે પશુ દ્વારા સંડાસ માંથી મળમૂત્ર હટાવવાની બાબત ખૂબ જ ચિંતાપ્રેરક છે.

આજથી અઢી દાયકા પહેલા ગુજરાતના ઘણા ગામડાઓ એવા હતા જ્યાં સફાઈ કામદારો પાસે અનેક પરિવારોના ડબ્બા સંડાસમાં એકત્ર થયેલા મળમૂત્રને સાફ કરાવવાની કામગીરી ફરજિયાત પણે કરાવવામાં આવતી હતી. એટલે ગુજરાતના અનેક ગામડાઓના સફાઈ કર્મીઓના 'હાથમાં ઝાડુ અને માથે મેલું' ની સ્થિતિ હતી. સફાઈ કામદારોને ફરજિયાત પણે માથે મેલુ મૂકીને સંડાસોની સફાઈ કરવી પડતી હતી. માનવતા અને માનવ અસ્મિતા સામેના આ ધૃણાસ્પદ કાર્યને બંધ કરવાની ભલામણ તો છેક ૧૯૪૯માં સફાઈ કામદારોની પરિસ્થિતિ ની મોજણી કરવા માટે નિમાયેલી એક સમિતિએ કરી હતી. એ પછી પણ એસ.સી એસ.ટી. કમિશનરે પણ ૧૯૫૬માં આ અંગે આકરી ભલામણ કરી હતી પરંતુ કોઈ ફેરફાર નોંધાયો નહોતો. છેક ૧૯૯૩માં એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર એન્ડ કંસ્ત્રક્શન ઓફ ડ્રાય લેટ્રીન પ્રોહિબિશન એક્ટ' અમલમાં આવ્યો. તે પછી પણ સુરેન્દ્રનગર જિલ્લાના રાણપુર તાલુકામાં તેનું પાલન થતું ન હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. માથે મેલુ ઉપાડવાની આ અત્યંત નિંદનીય ઘટના સામે પ્રચંડ પ્રજાકીય વિરોધના પરિણામે ગુજરાતમાં સરકારે

● અનુસંધાન પાન-૭ પર



ચ-૩ થી ચ-૨ તરફના માર્ગ પર સર્કલ નજીક એક ખુલ્લી ગટર ભયજનક હાલતમાં જોવા મળી રહી છે. ગમે ત્યારે આ મોટામસ ખાડાના લીધે કોઈ અકસ્માત સર્જાય તેવી પણ દહેશત પ્રબળ બની છે. આ ગાબડામાં રખડતા ઢોરનો પણ પગ ફસાઈ જતી હોવાના કિસ્સા સામે આવે છે ત્વરિત અસરથી આ ખાડાને પુરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# સે-૧ અને ૧૧ માં દુકાનોના સીલ હજુ ખુલ્યા નથી, અમને ન્યાય આપો : વેપારીઓ

**દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન હેતુફેરના મામલે અગાઉ સે-૧ અને ૧૧ ની ૨૨ જેટલી દુકાનોને તંત્રએ સીલ કરી દીધી હતી : તંત્રની બેધારી નીતિ સામે વેપારીઓમાં આક્રોશ**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં દબાણો દુર કરવા સહીત હેતુફેરના મામલે તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ મામલે વેપારીઓએ પણ લડતના મંડાણ કરતા તંત્રએ પણ નમતુ જોખવાની નોબત આવી હતી.જયારે અચાનક જ આ ઝુંબેશને આટોપી લેવામાં આવતા વેપારીઆલમે રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ હજુ સુધી આ દરમિયાન સે-૧ અને ૧૧ માં સીલ કરાયેલી દુકાનો યથાવત સ્થિતિમાં હોવાથી તંત્રની આ બેધારી નીતી સામે આ વેપારીઓમાં પ્રબળ રોષ પ્રવર્ત્યો છે. વેપારીઓએ આ દુકાનોના સીલ ઓપન કરી ન્યાય આપવા માંગણી કરી છે.

શહેરમાં દબાણ હટાવો ઝુંબેશનુ સુરસુરિયુ થઈ ગયુ છે. સે-૨૪ સહીત નગરના વિવિધ સેકટરોમાં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે રહેણાંક તેમજ કોર્મશિયલ વિસ્તારમાં તંત્ર દ્વારા પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ. જયારે શહેરી વિસ્તારના ગામોમાં પણ દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ ત્રાટકી હતી. આ દરમિયાન નગરમાં દબાણનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. તંત્રની ટીમ દ્વારા પાકા દબાણો દુર કરવા ઉપરાંત શહેરના કાર્મશિયલ વિસ્તારમાં હેતુફેરના મુદ્દે નોટીસો પણ આપવામાં આવી હતી. જયારે આ મામલે નગરના વેપારીઓએ પણ લડત આપવાનુ શરૂ કર્યુ હતુ. હેતુફેરના મુદ્દે નોટીસના અંતે ઘણાં ખરા વેપારીઓએ સામાન પણ ખસેડી દીધો હતો. પરંતુ હેતુફેરની નોટીસના અંતે વેપારીઓની રજુઆતના અંતે દુકાનો સીલ

● અનુસંધાન પાન-૭ પર

# નગરમાં હાઈફાઈ શોપિંગ કલ્ચરનુ નિર્માણ થશે

**હવે નગરજનોએ બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે અમદાવાદ જવુ નહીં પડે : કુડાસણમાં શિવહરિ અને સિધ્ધરાજ ગૃપ દ્વારા હાઇફાઇ શોપિંગ મોલનુ નિર્માણ કરાશે : લાંબા સમયના અંતે સ્થાનિકોની માંગણી સંતોષાશે**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં વેપાર ધંધો નથી તે વાત હવે ભુતકાળ બની ગઈ છે. શહેરમાં વિકસતા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં નવા ફુડઝોનના લીધે સ્વાદરસિયાઓને સંતુષ્ટી મળી રહી છે. જયારે હવે રીલાયન્સ ચોકડી પાસે અસ્તિત્વમાં આવતા નવા વિશાળકાય શોપિંગ કોમ્પલેક્ષોના લીધે ટુંકમાં જ નગરના શોપિંગ કલ્ચરમાં આમુલ બદલાવ જોવા મળશે. નગરજનોને અવનવી બ્રાન્ડસની વિવિધ ચીજવસ્તુઓ હવે ઘરઆંગણેથી જ મળી રહેશે. બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે હવે તેમણે અમદાવાદ નહીં જવુ પડે શિવાલય અને સિધ્ધરાજ ગૃપ દ્વારા હાઈટેક રીતે વિકસતા કુડાસણ વિસ્તારમાં નવા બે હાઈફાઈ શોપિંગ મોલનુ નિર્માણ કરવામાં આવશે.

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરનો સિનારીયો બદલાઈ રહ્યો છે. હાઈટેક બનતા ગાંધીનગરમાં ફુડઝોનમાં પણ હવે કાંઈ ઘટે નહીં તેમ અવનવી વાનગીઓ પીરસાઈ રહી છે. જયારે શોપિંગ કલ્ચર પણ આધુનિક બનવાની દીશામાં તેજ ગતિએ આગળ વધી રહ્યુ છે. શહેરમાં છેલ્લા એક દાયકાથી ધીમે ધીમે આવતો બદલાવે પણ હવે ગતિ પકડી છે. એક જમાનામાં શોપિંગ બજારના નામે સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ તેમજ સે-૨૪ અને સે-૭ સિવાય કાંઈ ન હતુ તેમ કહીએ તો પણ ચાલે પરંતુ નગરના પ્રવેશદ્વાર પાસે ઈન્ફોસીટી અસ્તિત્વમાં આવતા વિવિધ બ્રાન્ડની શોપ્સ પણ શરૂ થઈ ત્યારબાદ સતત આ સિલસિલો આગળ વધતો રહેતા રીલાયન્સ ચોકડી અને કુડાસણ વિસ્તારમાં ધમધતમા ફુડઝોન સહીત અવનવી બ્રાન્ડસની શોપ્સના લીધે શહેરના શોપિંગ બજારનો નઝારો પણ બદલાઈ ગયો છે. જયારે હજુ પણ રીલાયન્સ ચોકડી પાસે શિવાલય અને સિધ્ધરાજ ઝેડ દ્વારા પ્રોપર્ટી શોપની ભવ્ય સ્કીમનુ નિર્માણ થતા આગામી દિવસોમાં કોઈપણ બ્રાન્ડેડ કે નોન બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે નગરજનોએ અમદાવાદ સુધી લાંબા થવુ નહીં પડે . આ શોપિંગ મોલના માધ્યમથી નતનવા શો રૂમ શરૂ કરવા માટે નવા દરવાજા ખુલી જશે. અત્યાર સુધી ગાંધીનગરાઓએ અવનવી ચીજવસ્તુઓની ખરીદી તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસનો ઉમેદવાર હું જ છુ અને ત્રણ વિધાનસભાના રાઉન્ડ પૂર્ણ કર્યા છે : ચાવડા



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે હું જ કોંગ્રેસ પક્ષનો ઉમેદવાર છુ તેમ કહેતાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ હતુ કે ચૂંટણી માટેના પ્રચાર અભિયાનનો પ્રારંભ પણ કરી દીધો છે.

તેમણે જણાવ્યુ હતુ કે સંસદીય મતવિસ્તારમાં આવતા સાત વિધાનસભા મત વિસ્તાર પૈકી ૩ વિધાનસભા મતવિસ્તારોમાં મારૂ સંપર્ક અભિયાન લગભગ પૂર્ણ થવામાં છે અને હવે પછી અમદાવાદ શહેરના વિસ્તારોમાં સંપર્ક અભિયાન એકાદ-બે દિવસમાં આરંભી દઈશ.

ઉમેદવાર બદલવાની વાતો માત્ર મિડીયામાં ચાલે છે અમારા પક્ષના સૌ કાર્યકરો કામે લાગી ગયા છે. કોંગ્રેસના કાર્યકરો કામે લાગતા જ ભાજપને સંકલ્પ સભાઓ કરવાની ફરજ પડી રહી છે. તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસ પક્ષ તરીકે નહિ પણ પરિવારની ભાવના પર ચાલે છે અને એટલે જ જિલ્લા-તાલુકા પંચાયતમાં ભાજપના શાસનમાં પણ કોંગ્રેસ વિજયી થાય છે.

ગાંધીનગર (ઉ) વિધાનસભાના કાર્યકરોને સંબોધતાં કોંગ્રેસના અગ્રણી ડૉ. જિતુ પટેલે જણાવ્યુ હતુ કે બેઠક અઘરી નથી માત્ર આપણે ખરા મનથી લાગી જવાની જરૂર છે. પ્રવક્તા જયરાજસિંહ પરમારે પણ કાર્યકરોને તેમના વિસ્તારમાં વધુમાં વધુ મતદાન કોંગ્રેસ તરફે થાય તે જોવા આગ્રહ કર્યો હતો. ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જણાવ્યુ હતુ કે કોંગ્રેસના કાર્યકરની મહેનત સદા રંગ લાવે

● અનુસંધાન પાન-૭ પર




વિદેશી દેશોમાં દાંતની માવજત અને તંદુરસ્તી માટે નાગરિકો વિશેષ જાગૃત છે. જયારે ભારતમાં પણ હવે વધતી દાંતની તકલીફો તેમજ તેનાથી થતા રોગો અંગે જનજાગૃતિ કેળવાઈ છે. શહેરમાં પણ અત્યાધુનિક ડેન્ટલ ક્લિનીક પણ શરૂ થઈ ગયા છે. જયાં દર્દીઓને આધુનિક સાધનોની મદદથી દર્દરહીત સારવાર પુરી પાડવામાં આવે છે. શહેરના સે-૨ બી માં સ્થિત પ્લોટ નં -૨૫૯ :૨ ખાતે શ્રધ્ધાદિપ ડેન્ટલ ક્લિનીક ધરાવતા નગરના યુવા ડેન્ટીસ્ટ ડો મીહીર ભરતભાઈ પંડયા તેમજ ડો બિંદી ગજ્જર નગરજનોની મુસ્કાનને વધુ શાનદાર બનાવાનુ ઉમદા કામ કરે છે. તેમણે છેલ્લા ૧૦ વર્ષમાં ૫૦ જેટલા યુવા ડેન્ટીસ્ટને તાલીમ પણ આપી છે. જયારે આ ડેન્ટીસ્ટની ટીમ વિશ્વના વિવિધ દેશોમાં ઉમદા ફરજ પણ અદા કરી રહ્યા છે. ડો મીહીર પંડયાના ૧૭ ઈન્ટરનેશનલ રીસર્ચ પેપર્સ પણ પ્રસિધ્ધ થયા છે. તેમની સફળ કામગીરી તેમજ આધુનિક ક્લિનીકલ સેટઅપને ધ્યાને લઈ મલેશિયાના કોવાલામપુરમાં જાણીતા ફિલ્મ અભિનેત્રી કરીના કપુરના હસ્તે તેમને બેસ્ટ ડેન્ટલ ક્લિનીકનો ઈન્ટરનેશનલ એકસલન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. નગરના અગ્રણીઓ સહીત શહેરીજનોએ પણ આ એવોર્ડ બદલ તેમને અભિનંદન પાઠવી ગૌરવની લાગણી વ્યકત કરી છે.

# શહેરમાં ઉનાળાનું આગમન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં ઉનાળાનું વિધિવત રીતે આગમન થઈ ચૂક્યું છે અને ગરમીનો પારો વધીને ૩૭.૬ ડિગ્રી સે. સુધી પહોંચી જતા શહેરીજનો ઉનાળાનો અનુભવ પણ કરી રહ્યાં છે. આ સાથે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડિગ્રી સે. રહેવા પામ્યું હતું અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે સવારે ૫૦ ટકા જેટલુ તું તે સાંજ સુધીમાં ઘટીને માત્ર ૨૭ ટકા રહેવા પામ્યું હતું. શહેરમાં તાપમાનનો પારો ઉંચકાતા ઉનાળાની ગરમીનો પ્રારંભ થઈ ગયો હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. હોળી-ધુળેટીના પર્વ પછી આમ પણ ઉનાળાની શરૂઆત થઈ જતી હોય છે. એક તરફ શહેરમાં પાનખરની મૌસમ પણ ચાલી રહી છે જેને કારણે શહેરની વનરાજીના વૃક્ષો પર્ણ વિહોણા થઈ રહ્યાં હોવાથી માર્ગો પર વધુ તડકાનો અનુભવ થઈ રહ્યો છે. આજે રવિવારની રજાના દિવસે ગરમીનો પારો ઉંચકાતા શહેરના માર્ગો પર બપોરે વાહનવ્યવહાર તદ્દન નહીવત થઈ જવા પામ્યો હતો.

**પારો ૩૭.૬ ડિ.સે.**

શહેરીજનોએ રજાના દિવસે ગરમીના વાતાવરણમાં બહાર નીકળવાને બદલે ઘરમાં બેસી એસી-પંખા ઓન કરી આઈપીએલની મેચની મજા લેવાનું વધુ મુનાસિબ માન્યુ હતુ. ઉનાળાના આગમન સાથે જ શહેરમાં બરફ-ગોળા-શેરડીના રસ અને ઠંડા પીણાની ઘરાકીમાં વધારો જોવા મળી રહ્યો છે. તેમજ રાત્રિના સમયે ઘ-૪ સહિતના ખુલ્લા બગીચાઓમાં સહેલાણી વધી રહ્યાં છે.

# હવે ચાઈલ્ડ ફ્રેન્ડલી પંચાયતો માટેની કવાયત

ગાંધીનગર, તા. ૨૪

હવે ચાઈલ્ડ ફ્રેન્ડલી પંચાયતો બનાવવાની દિશામાં સરકારે આગળ વધવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. સરકાર દ્વારા આ અંગે માર્ચના પ્રથમ સપ્તાહમાં નિર્ણય કર્યો હતો.

સરકારના પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ હતુ કે ચાઈલ્ડ ફ્રેન્ડલી પંચાયતો માટે કેન્દ્ર સરકારે ખાસ યોજના બનાવી છે અને આ માટે એવોર્ડ પણ આપવાનો હોવાથી ૧૮મી માર્ચ સુધીમાં જિલ્લાઓ પાસેથી દરખાસ્તો પણ માંગવામાં આવી હતી જે હાલ વિભાગની ચકાસણી હેઠળ છે.

રાજ્ય સરકારે ચાઈલ્ડ ફ્રેન્ડલી ઘોષિત કરવા માટે ૮ જેટલા માપદંડો નિયત કરેલા છે જેમાં પંચાયતમાં સમાવિષ્ટ બાળકોનું રસીકરણ, બાળકોનું શાળાઓમાં એનરોલમેન્ટ, શાળામાં શિક્ષકોની હાજરી, શાળાનો ડ્રોપઆઉટ રેસિયો, પંચાયતનું ઓપન ડેફીનેશન ફ્રી સ્ટેટસ, બાળાઓની શારિરીક સ્વસ્થતા, મધ્યાહન ભોજન યોજનાનું અમલીકરણ અને બાળકોમાં પોષણનું સ્તર જેવી બાબતોનો સમાવેશ થાય છે.

જોકે દરખાસ્તો આવે તે પહેલાં આચારસંહિતા લાગુ થઈ જતાં હવે જિલ્લાઓની દરખાસ્તો બાકી છે તે ચૂંટણી પછી મેળવ્યા બાદ ચકાસણીને અંતે ભારત સરકારને મોકલાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યુ છે.

# આજે ચૂંટણી અધિકારી દ્વારા વિસ્તૃત રીતે ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરાશે

ગાંધીનગર, તા. ૨૪

લોકસભાની ચૂંટણી માટે તંત્ર દ્વારા ચાલી રહેલી તડામાર તૈયારીઓની આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મુરલી ક્રિષ્ણા વીડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરશે.

મળતી વિગતો મુજબ પંચ દ્વારા આજની વિડીયો કોન્ફરન્સમાં મતદારયાદી ક્ષતિરહિત તૈયાર થાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે. આ ઉપરાંત આ સપ્તાહે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થવાનુ હોવાથી તેની પણ તૈયારીઓ વિશે ચર્ચાઓ થશે.

આ સપ્તાહમાં વિધાનસભા બેઠકવાર ઈ.વી.એમ.ની ફાળવણીનું રેન્ડમાઈઝેશન કરવા તેમજ તે અંગેની જરૂરી કાર્યવાહી કરવાની બાબતે, ચૂંટણીમાં ફરજ બજાવનાર કર્મચારીઓની તાલિમ, વિવિધ મંજૂરીઓ માટે સીંગલ વિન્ડો સિસ્ટમ તેમજ ફ્લાઈંગ સ્કવોડ, વીડીયો સર્વેલન્સ ટીમો, વીડીયો વ્યુવર ટીમો તેમને તાલિમ સહિતના મુદ્દાઓને લઈ ખાસ સમીક્ષા કરવામાં આવશે.

પંચે દરેક તંત્રને એક્શન પ્લાન બનાવવાની આપેલ સૂચનાઓ, પોલીસ દ્વારા લેવાયેલા પગલાંઓની સમીક્ષા, કોન્યુનિકેશન પ્લાન, વેબ કાસ્ટીંગ માટેની તૈયારીઓ સહિતના મુદ્દાઓ પર આજે સમીક્ષા થશે.

આચારસંહિતાના અમલ અંગે તેમજ ખાસ કરીને ખર્ચ નિયંત્રણ માટે શેડો રજીસ્ટર બેંકર્સ સાથે બેઠકો, જેવા મુદ્દાઓને પણ આવરી લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. મતદારયાદીમાં નામ નોંધાવવા માટે આજે છેલ્લો દિવસ હોવાથી મળેલ અરજીઓની ચકાસણી તેની સમયમર્યાદામાં જ સંપન્ન થાય તે માટે કડક તાકીદ કરવામાં આવશે. આ ઉપરાંત મતદાન મથકોની સમીક્ષા ચકાસણી તેમજ વિકલાંગ મતદારો માટેની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ આજની આ બેઠકમાં આવરી લેવામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



**બેસણું**

અમારા ભાભીશ્રી ગં.સ્વ. **ઈન્દીરાબેન નારણભાઈ ધ્રાંગધરીયા** તા. ૨૪/૩/૨૦૧૯ને રવિવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૫/૩/૨૦૧૯ (આજરોજ) સાંજે ૫ થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી, સે.૭, ગાંધીનગર**

લવજીભાઈ બી. ધ્રાંગધરીયા (ભાઈ) મનીષ એન. ધ્રાંગધરીયા (પુત્ર)
નલીન એલ. ધ્રાંગધરીયા (ભત્રીજા) રાજેશ એન. ધ્રાંગધરીયા (પુત્ર)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com